# મોડાસાની ખાનગી શાળામાં શિક્ષકોની ગુંડાગર્દી

## બે વિદ્યાર્થીઓના ઝગડામાં એક વિદ્યાર્થીને ૫ શિક્ષકોએ ગડદા પાટુનો માર મારતા ચકચાર

મોડાસા, તા. ૪

શિસ્ત, ક્ષમા અને કલાનો સમન્વય જે વ્યક્તિમાં હોય તેને શિક્ષક કહેવાય. જાણે આ વાત માત્ર પુસ્તક પુરતી જ મર્યાદિત રહી હોય તેવું લાગી રહ્યું છે. મોડાસાની ખાનગી શાળામાં બે વિદ્યાર્થીઓના સામાન્ય ઝગડામાં એક વિદ્યાર્થીનો ભાઈ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હોવાથી તેના ઉપરાણામાં ૫ શિક્ષકોએ ભેગા મળી એક વિદ્યાર્થીને તમામ મર્યાદા ઓળંગીને શાળાના ઓરડામાં પુરી ફૂટપટ્ટી, ગડદા પાટુનો માર મારતા વિદ્યાર્થીના હાથ સૂઝી જતા અને શરીરે પીઠના ભાગે લાલ ચટાક ચકામા ઉપસી આવતા વિદ્યાર્થીએ સમગ્ર ઘટના અંગે પરિવારજનોને વાત કરતા પરિવારજનો સમસમી ઉઠ્યા હતા અને હેવાન બનેલા ૫ શિક્ષકોને સબક શીખવાડવા મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા પહોંચતા પોલીસે ભોગ બનેલ વિદ્યાર્થીના વાલીની અરજી લઈ તપાસ કરવાની હૈયાધારણા આપી હતી.

સમાજનાં ઘડતરમાં અને બાળકોનાં વિકાસમાં શિક્ષકોનો મહત્વપૂર્ણ ફાળો રહેલો છે. જો કે કેટલીક ઘટનાઓ શિક્ષકોની છબીને બગાડતી હોય છે. બાળકોને અહિંસાનાં પાઠ શીખવતા ક્યારેક શિક્ષકો જ ડંડાનો સહારો લેતા હોય છે. મોડાસાની મેઘરજ રોડ બાયપાસ ચોકડીને અડીને આવેલી ખાનગી શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ વચ્ચે મજાક-મસ્તી કરતા કરતા સામાન્ય બોલાચાલી પછી ઝગડાનું સ્વરૂપ ધારણ કરતા એક વિદ્યાર્થીનો ભાઈ કે સગો આજ શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતો હોવાથી દોડી આવી પિત્તો ગુમાવતા અન્ય ૪ શિક્ષકોની મદદથી શાળાના ઓરડામાં પુરી દઈ ફૂટપટ્ટી, થપ્પડો અને ગડદા પાટુનો માર મારતાં વિદ્યાર્થી શિક્ષકોની હેવાનિયતભર્યા વર્તનથી ફફડી ઉઠ્યો હતો અને કાકલુદી કરી માર ન મારવાનું જણાવવા છતાં ઢોર માર મારતાં હાથ પર ઉઝરડા અને પીઠ પાછળ લાલ ચકામા ઉપસી આવ્યા હતા શિક્ષકના ભયથી સતત ફફડતા વિદ્યાર્થીએ ઘરે જઈ અસહ્ય પીડા સહન કરી ન શકતા માતાપિતાને જણાવ્યું હતું વિદ્યાર્થીએ રડતા-રડતા પિતાને સમગ્ર ઘટના અંગે વાત કરતા પિતાનો ગુસ્સો આસમાને પહોંચ્યો છે.

વિદ્યાર્થિનીના મામાના જણાવ્યા અનુસાર બે વિદ્યાર્થીઓના સામાન્ય ઝગડામાં શિક્ષકોએ સમાધાન કરાવવાની જગ્યાએ શિક્ષણઆલમને શર્મસાર કરતા હોય તેમ ૫ શિક્ષકો ધોરણ-૧૦માં અભ્યાસ કરતા મારા ભાણીયા પર રાક્ષસ બની તૂટી પડતા મારા ભાણિયાને પ્રાથમિક સારવાર લેવાની જરૂર પડી હતી. આવા તુંડમિજાજી શિક્ષકોનો અન્ય વિદ્યાર્થીઓ ભોગ ન બને તે માટે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ૫ શિક્ષકોના નામજોગ ફરિયાદ આપવા પહોંચતા પોલીસે કાગળ પર અરજી લઈ યોગ્ય તપાસ કરવાની બાંહેધરી આપી હતી આવા શિક્ષકોને ટ્રસ્ટી મંડળે નોકરીમાંથી બરતરફ કરવા જોઈએ તેમ ભાર પૂર્વક જણાવ્યું હતું.



# પાલનપુરના પૂર્વ ધારાસભ્ય જમીન વિવાદમાં ફસાયા

## માલિકીના પ્લોટમાં બથામણીયો કબ્જો કરવાનો પૂર્વ ધારાસભ્ય પર આક્ષેપ : પ્લોટ ગીરવે લેનાર પાર્ટીએ બારોબાર વેચાણ કર્યો હોવાનો પૂર્વ ધારાસભ્યનો દાવો

પાલનપુરના ભાજપના પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પ્રજાપતિ જમીન વિવાદમાં ફસાયા છે. પાલનપુરના હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલ ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં આવેલા પ્લોટ પર બથામણીયો કબજો કરવાના મામલે વિવાદમાં આવેલા પૂર્વ ધારાસભ્યને પશ્ચિમ પોલીસે તેડું મોકલતા મામલો પોલીસ થાણે પહોંચ્યો છે.



પાલનપુર હનુમાન ટેકરી વિસ્તારમાં આવેલી ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં આવેલા પ્લોટ નંબર-૫ના વિવાદમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ ફસાયા છે. જેના નામ પર દસ્તાવેજ છે તેવા પ્લોટ માલિક જાગૃતિબેન નરેશભાઈ ચંદાણીએ કરેલા આક્ષેપ મુજબ, પોતાની માલિકીના પ્લોટ પર પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિએ બથામણિયો કબ્જે કર્યો છે. તેઓના માણસો પ્લોટમાં ગેરકાયદેસર કબજો જમાવતા તેઓએ પોલીસને જાણ કરતા પશ્ચિમ પોલીસ દોડી આવી હતી.

પશ્ચિમ પોલીસે આ જગ્યામાં ધારાસભ્યની ગાડી અને ધારાસભ્યના માણસોને બહાર કાઢી પશ્ચિમ પોલીસ મથકે લઈ જવાયા હતા. જોકે આ પ્લોટ પર પોતે વેચાણ લીધો હોઈ પૂર્વ ધારાસભ્ય બથામણિયો કબ્જો કરી પોલીસની હાજરીમાં પણ દાદાગીરી કરી રહ્યા હોવાના આક્ષેપો પ્લોટ માલિક જાગૃતિબેન ચંદાનીએ કર્યા હતા.

જોકે પ્લોટ માલિકના નામે દસ્તાવેજ હોવા છતાં પણ ધારાસભ્ય ગોવિંદ પ્રજાપતિએ આ પ્લોટ પોતાના હોવાનો દાવો કર્યો હતો. પૂર્વ ધારાસભ્ય ગોવિંદ ભાઈ પ્રજાપતિએ આ પ્લોટ પર પોતાનો કબ્જો હતો. કબ્જો છે અને કબ્જો રહેશે તેવો દાવો કરતા જણાવ્યું હતું કે, આ પ્લોટ તેઓએ ગીરવે મુક્યો હતો. ત્યારે ગીરવે લેનાર પાર્ટીએ બારોબાર પ્લોટ વેચાણ કર્યો છે. આ પ્લોટનો દસ્તાવેજ હાલમાં જાગૃતિબેન ચંદાનીના નામે હોવાનો એકરાર કરતા પૂર્વ ધારાસભ્યએ આ અંગે તેઓએ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. ત્યારે કોર્ટનો ફેંસલો દરેકને માન્ય રહેશે તેવું જણાવ્યું હતું.

આમ, એક જ પ્લોટ પર પૂર્વ ધારાસભ્ય સહીત બન્ને પક્ષો માલિકી હકનો દાવો કરી રહ્યા છે. ત્યારે હવે આ જમીન વિવાદ પોલીસ થાણે પહોંચ્યો છે. પશ્ચિમ પોલીસે ધારાસભ્યને પોતાના કાગળો સાથે પશ્ચિમ પોલીસ મથકે આવવાનું તેડું આપતા ધારાસભ્ય પશ્ચિમ પોલીસ મથકે દોડી ગયા હતા. જોકે આ વિવાદને લઈને લોકોના પણ ટોળા જમા થઈ ગયા હતા. અને સમગ્ર મામલો ચર્ચાની એરણે ચડ્યો છે.

# દાંતા તાલુકાના જીતપુર ગામે શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો

બનાસકાંઠા જીલ્લાના દાંતા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જીતપુર દ્વારા જીતપુર ચાર રસ્તા પ્રાથમિક શાળા માં શાળા આરોગ્ય કાર્યક્રમનું ઉદઘાટન દાંતા તાલુકા હેલ્થ ઓફિસર ડો. નવિન વીપુલભાઈ રાઠોડ અને મ. પ. હે. વ. ભરતભાઈ રબારી દ્વારા પ્રોગ્રામનુ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

જેમાં મેડિકલ ઓફિસર ડૉ. ચૌહાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ. જેમાં તાલુકા સદસ્ય જશીબેન પોપટજી ચૌહાણ, લઘુમતી મોરચાના પ્રમુખ શાહનવાઝ હુસેન, ગ્રામ પંચાયત સભ્ય અળખાજી ઠાકોર તેમજ શાળાના આચાર્ય ઠાકોર ગંગાજી તથા પ્રા. આ. કેન્દ્ર ના મે.ઓ. આર. બી. એસ. કે. ટીમ, મ. પ. હે. સુ. દિવ્યાંશુ જોશી દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ નું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવેલ. આ ઉપરાંત વૃક્ષારોપણ કરી આભાર વિધી કરેલ તેમજ પાંચ દિવસના પ્રોગ્રામ વિશે જાણકારી આપેલ અને ૦ થી ૧૮ વર્ષના શાળાએ જતા અને ન જતા બાળકોને મળતી સહાય અંગે માહિતી આપી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત પ્રા.આ.કેન્દ્ર જીતપુરના આજુબાજુના ૨૬ ગામની ૩૧ આંગણવાડી, ૨૮ પ્રાથમિક શાળા, ૪ માધ્યમિક શાળા અને ૨ આશ્રમ શાળા એમ કુલ ૬૫ સંસ્થાના નવજાત શિશુથી ૧૮ વર્ષના તમામ આશરે સાત હજાર(૭૦૦૦)થી વધુ લાભાર્થીની તબીબી તપાસ કરી સંદર્ભ સેવા અને સુપર સ્પેશ્યાલિટીની નિઃશુલ્ક સારવાર અપાશે. આ ઉપરાંત તમામ શિક્ષકગણ અને શાળાના બાળકોએ હાજર રહી અને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેનત કરી હતી.



# અશરફનગરમાં ગીરવે મુકેલા દાગીના અંગે ઝઘડો થતા ત્રણ સામે ફરીયાદ

હિંમતનગરના અશરફ નગરમાં રહેતા એક ઈસમના સગાવ્હાલાની દિકરીના લગ્ન હસનનગરમાં થયા બાદ પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડામાં આ મહીલાને તેણીના મા-બાપ વડાલી લઈ ગયા હતા. જ્યાં તેનો પતિ લેવા માટે ગયો હતો ત્યારે સોનાના દાગીના ગીરવે મુકેલા હોવાથી તે અંગે ઝઘડો થતા ત્રણએ ભેગા મળી અશરફનગરમાં રહેતા મહમદ યુનુસ શેરૂમીયા શેખે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેમના સાળા વાહીદમીયાની દિકરી ફરાહનાબાનુનુ લગ્ન હસનનગરમાં રહેતા મકસુદમીયા મહમદીયા શેખ સાથે કરાયા હતા. મહમદ યુનુસ શેખ ફરાહાનાબાનુને તેણીના પીયર વડાલી લઈ ગયા હતા. મકસુદમીયા શેખ, મોઈનમીયા મહમદમીયા શેખ અને મોહસીન હમીરખાન પઠાણ મંગળવારે ફરાહનાબાનુને તેડવા માટે ગયા હતા. સોનીના ત્યાં ગીરવે મુકેલ સોનાની એરીંગની માંગણી કરવામાં આવતા ત્રણેયએ ઝઘડો કરી ગાળો બોલી મહમદ યુનુસ શેખ ઈજા પહોંચાડી ગડદાપાટુનો માર માર્યો હતો.

## અરવલ્લી જિલ્લામાં સિંચાઈ યોજના

# ભૂમિપુત્રો માટે આફતરૂપ યોજના બની

## બે જુદી-જુદી કેનાલમાં ગાબડાં પડતા ૫૦ વીઘામાં ઘઉંના પાકનો સોથ વાળ્યો

અરવલ્લી જીલ્લામાં સિંચાઈ યોજના અંતર્ગત ડેમમાંથી પાણી વિવિધ કેનાલ મારફતે ખેડૂતોને પૂરું પાડવામાં આવે છે. જીલ્લામાંથી પસાર થતી કેનાલના નિર્માણ, સમારકામ અને સાફ સફાઈ માટે વર્ષે દહાડે લાખ્ખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટનો ધુમાડો કરવા છતાં કેનાલમાં ભંગાણ સર્જાતા લાખ્ખો લીટર પાણી વેડફાટ સાથે ખેતરોમાં પાણી ફરી વળતા ખેડૂતોનો ખેતરમાં ઉભો પાક નષ્ટ થઈ જતા અનેકવાર મુશ્કેલીમાં મુકવાનો વારો આવ્યો છે.

કુદરતી આફતની થપાટમાંથી અરવલ્લી જીલ્લાના ખેડૂતોને હામ વળી નથી ત્યારે માનવસર્જિત આફતથી ખેડૂતોની હાલત દયનિય બની છે. વાત્રક કેનાલમાં સાયફનમાં પડેલા ગાબડું પાડવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે નારમિયાની મુવાડી ગામ નજીક પસાર થતી વાત્રક કેનાલમાં ગાબડું પડતા નજીક આવેલા ખેતરોમાં પાણી ફરી વળતા ૫૦ વિઘાથી વધુ જમીનમાં વાવણી કરેલા ઘઉંના પાકનો સોથ વળી જતા ખેડૂતોમાં ચોમાસુ ખેતી નિષ્ફળ ગયા પછી રવિ સીઝન પર પણ પાણી ફરી વળતા ખેડૂતોએ વળતરની માંગ સાથે રોષ ભભૂકી ઉઠ્યો છે. ઉમેદપુર ગામ પાસેથી પસાર થતી મેશ્વો કેનાલમાં પણ ભંગાણ પડતા પાણી ખેતરોમાં ફરી વળતા ખેતરો તળાવમાં ફેરવાયા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા ખેડૂતોના જણાવ્યા અનુસાર કેનાલમાં સફાઈ ન થતા કેનાલમાં ઝાડી-ઝાંખરા અને કચરાના ઢગલા ખડકાયેલા હોવાથી જળાશયોમાંથી પાણી છોડવામાં આવતા કેનાલમાં અવરોધ સર્જાતા કેનાલમાં ગાબડાં પડી રહ્યા હોવાનું જણાવ્યું હતું. ખેડૂતોના ખેતરમાં પાણી ફરી વળ્યું તેના માટે જવાબદાર કોણ..? તેવા સવાલ ખેડૂતોને મૂંઝવી રહ્યા છે આ બાબતે જવાબદાર અધિકારીઓ દ્વારા ખેડૂતોના ખેતરની સ્થળ તપાસ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે. હાલ તો બે જુદી-જુદી કેનાલમાં ભંગાણ થતા ઘઉંથી ભરેલ ખેતરોમાં પાણી ફરી વળતા ખેડૂતોના મોઢે આવેલ કોળિયો ઝુંટવાઈ જવાની નોબત આવી છે.



# ડીસામાં હૈદરાબાદની મહિલા તબીબના મોતનો આક્રોશ, આરોપીઓને ફાંસીના માંચડે લટકાવવાની માંગ

ડીસા, તા. ૪

તાજેતરમાં હૈદરાબાદ ખાતે મહિલા વેટરનરી તબીબ સાથે સામુહિક બળાત્કાર ગુજારી કરપીણ હત્યા બાદ સમગ્ર દેશમાં તેના ઘેરા પ્રત્યાઘાતો જોવા મળી રહ્યા છે. ત્યારે ડીસામાં પણ આ ઘટનાના વિરોધમાં વિશ્વહિન્દુ પરિષદ અને ડીસામાં કાર્યરત સ્ત્રી સમાજની બહેનોએ નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

હૈદરાબાદ ખાતે મહિલા વેટરનરી તબીબ સાથે દુષ્કર્મ ગુજાર્યા



બાદ તેની કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બાદ પોલીસે ઘટનાને અંજામ આપનાર ચારેય શખ્સોને ઝડપી પાડ્યા છે અને તેમની સામે ગેંગરેપનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે ડીસામાં પણ આ ઘટનાના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્થાનિક નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી કસુરવારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. વિશ્વ હીંદુ પરિષદના કાર્યકરો ડીસાની નાયબ કલેક્ટર કચેરી ખાતે પહોંચીને આવેદનપત્ર પાઠવીને કસુરવારો સામે કોર્ટ કાર્યવાહી વગર જ ફાંસીના માંચડે લટકાવી દેવાની માંગ કરી હોવાનું જયેશ દેસાઈ (પ્રમુખ, વિશ્વ હિન્દુ પરિષદ, ડીસા નગર પ્રખંડ)એ આક્રોશ સાથે જણાવ્યું હતું.

જ્યારે ડીસામાં કાર્યરત અને સ્ત્રીઓના હિતો માટે હંમેશા અગ્રેસર રહેતી સ્ત્રી સમાજની બહેનોએ પણ આ ઘટના બાદ રોષ વ્યક્ત કર્યો છે અને પ્રમુખ પારૂલબેન પટેલની આગેવાનીમાં નાયબ કલેક્ટર કચેરી ખાતે પહોંચી દુષ્કર્મ તેમજ હત્યા કરનાર તમામ આરોપીઓને મોતની સજા આપવાની માંગ કરી હતી.

# પાલનપુરમા રહેણાંક મકાનમાં સંતાડેલ વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

પાલનપુરના માનસરોવર ફાટક બહાર આવેલ ખોડિયાર નગરમાં દેશી- વિદેશી દારૂનું બેરોકટોક વેચાણ થતું હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે પોલીસે બાતમી ના આધારે એક રહેણાંક મકાનમાં રેઈડ કરી હતી. જેમાં ૬૦ બોટલ વિદેશી દારૂ નો જથ્થો મળી આવતા પોલીસ દ્વારા મકાન માલિક મહિલાની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરમા માનસરોવર ફાટક બહાર આવેલ સલાટવાસ મા કેટલાક બુટલેગરો દ્વારા દેશી તેમજ વિદેશી દારૂ નું ખુલ્લેઆમ વેચાણ કરવામાં આવતું હોવાની બુમરાણ મચી છે. ત્યારે શહેર પશ્ચિમ પોલીસની ટીમે બાતમીના આધારે રણછોડ ઉર્ફે છલિયો સલાટના રહેણાંક મકાન માં રેઈડ કરી હતી. જ્યાં રૂ.૧૬.૦૮૦ ની કિંમત નો ૬૦ બોટલ વિદેશી દારૂ નો જથ્થો મળી આવતા પોલીસ દ્વારા વાલીબેન રણછોડ સલાટની અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહીબિશન ધારા હેઠળ ગુનો દાખલ કરી આગાળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# આરોગ્ય કર્મચારીઓના આંદોલનને તોડી પાડવાના પ્રયાસ સામે વિરોધ

## જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા કામગીરી અંગે ખોટી માહિતી અપાતી હોવાનો આક્ષેપ

હિંમતનગર, તા. ૪

રાજયભરમાં આરોગ્ય કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે કર્મચારી મંડળના આદેશથી સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય કર્મીઓ પણ તેમાં જોડાયા છે. ત્યારે મંગળવારે તેમણે કરેલી કામગીરી જિલ્લા આરોગ્ય અધિકારીને ન આપી હોવા છતાં આરોગ્ય અધિકારીએ કામગીરીની ખોટી માહિતી રાજયના આરોગ્ય કમિશનરને મોકલી આપી ગેરમાર્ગે દોરવાના આક્ષેપ સાથે જણાવ્યું છે કે કર્મચારીઓના આંદોલનને તોડી પાડવાના આ ઈરાદાને વખોડી કાઢવામાં આવ્યો છે.

આ અંગે સાબરકાંઠા જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળ વતી જણાવાયું છે કે તેમની માંગણીઓ પ્રશ્ને તબક્કાવાર આંદોલન ચાલી રહ્યું છે. ત્યારે તેઓ મહાસંઘના આદેશના કાર્યક્રમો મુજબ આરોગ્ય વિષયક તમામ કામગીરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અથવા તો તેના સબ સેન્ટરમાં કરે છે. પરંતુ તે કામગીરીનો અહેવાલ લેખિતમાં અથવા તો કોમ્પ્યુટર પ્રિન્ટ તૈયાર કરીને જિલ્લા આરોગ્ય અધિકારીને નહી આપવાનો નિર્ણય કર્યો છે.

તેમ છતાં સાબરકાંઠા જિલ્લામાં આવેલા અંદાજે સો થી વધુ આરોગ્ય કર્મચારીઓની કામગીરીનો અહેવાલ જિલ્લા આરોગ્ય અધિકારીએ રાજયના આરોગ્ય કમિશનરને મોકલી આપ્યો છે. જે અંગે કર્મચારીઓને ખબર પડતા તેમણે જિલ્લા આરોગ્ય અધિકારીએ કરેલી કામગીરીને વખોડી કાઢી છે. અને એવો પણ આક્ષેપ કર્યો છે કે આરોગ્ય કર્મચારીઓના આંદોલનને તોડી પાડવાના જે પ્રયાસ કરાઈ રહ્યા છે તેને સાંખી લેવામાં આવશે નહી. જે અંગે જિલ્લાના આરોગ્ય કર્મચારીઓએ બુધવારે મેડીકલ ઓફિસર તથા આરોગ્ય કમિશનરને મોકલી આપ્યો છે. વધુમાં જણાવાયા મુજબ જો ડિસેમ્બર મહીનામાં આ કર્મચારીઓના પ્રશ્નો નહીં ઉકેલાય તો તેઓ અનિશ્ચિત મુદતની હડતાલ પર જવા અંગે થોડા સમય અગાઉ લેખિતમાં જાણ પણ કરી દીધી હતી.

# પાલનપુરના બાલાજી પાર્કમાં શિવ પરિવાર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

## ત્રિ-દિવસીય ધાર્મિક કાર્યક્રમમાં લઘુરુદ્રી-શોભાયાત્રા બાદ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પાલનપુરના ડીસા હાઈવે સ્થિત બાલાજી પાર્ક સોસાયટી પરિવાર દ્વારા સોસાયટીમાં લાખો રૂપિયાના ખર્ચે નવીન શિવાલય બનાવવામાં આવ્યું છે. જે મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ત્રિ- દિવસીય ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરાયું હતું. જેમાં આજે શિવ પરિવારની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સાથે ભારે ભક્તિભાવપૂર્ણ માહોલ વચ્ચે મહોત્સવ સંપન્ન થયો હતો.

પાલનપુર શહેરના ડીસા હાઈવે પર આવેલા બાલાજીપાર્કમાં શિવ પરિવાર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ત્રિ-દિવસીય કાર્યક્રમમાં લઘુરુદ્રી મહાયજ્ઞ, શોભાયાત્રા, મહા આરતી સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાયા હતા. જેમાં જાણીતા જ્યોતિષાચાર્ય શાસ્ત્રી બાલકૃષ્ણજી ત્રિવેદીના આચાર્યપદે પ્રકાંડ પંડિતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે શિવાલયના વાસ્તુ પૂજન સાથે પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ભગવાન



ભોલેનાથ શ્રી જાગેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા ટાણે બાલાજી પાર્કમાં ૐ નમઃ શિવાયનો નાદ ગુંજી ઉઠ્યો હતો. આ પ્રસંગે બાલકૃષ્ણ શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે, પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ વચ્ચે ભારતીય સંસ્કૃતિ પર આક્રમણ થઈ રહ્યું છે. ત્યારે સોસાયટીઓમાં બનતા શિવાલયો આસ્થાના કેન્દ્ર સાથે બાળકો માટે સંસ્કારનું કેન્દ્ર બની રહે છે. જીવ સાથે શિવનું મિલન કરાવતા શિવાલયો નું મહત્વ સમજાવતા તેઓએ ભારતીય સંસ્કૃતિના મૂલ્યો અને તેના જતન પર ભાર મુક્યો હતો.

આ મહોત્સવમાં સાધુ સંતો અને પૂર્વ કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, પૂર્વ આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી સહિતના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં શિવ ભક્તોએ પધારી દર્શનનો લ્હાવો અને ભોજન પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.